### સાવલીના ઔદ્યોગિક એકમમાં આવેલી કંપનીને પાણી પુરવઠા વિભાગની નોટિસ

# જૂથ પાણી પુરવઠા યોજનાની લાઈનમાંથી ગેરકાયદે જોડાણ કરનાર SNI Trucoat કંપની સામે કાર્યવાહી

**પાણીનુ** જોડાણ કરનાર કંપનીને 46 હજાર ઉપરાંતની ભરપાઈ કરવા તાકીદ

(પ્રતિનિધિ) સાવલી તા.21

વડોદરા જિલ્લાના સાવલી ખાતે ઔદ્યોગિક એકમ દ્વારા જૂથ પાણી પુરવઠા યોજનાની પાઈપલાઈનમાંથી ગેરકાયદેસર પાણીનું જોડાણ મેળવી ઉપયોગ કરવામાં આવતો હોવાનો મામલો સામે આવ્યો છે. આ અંગે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા સંબંધિત કંપનીને તાકીદની નોટિસ ફટકારી ગેરકાયદે જોડાણ બંધ કરવા તેમજ રૂ.46,103ની રકમ ભરપાઈ કરવા આદેશ કરવામાં આવ્યો છે.

સાવલીના સુખેલાલ રોડ પર કાર્યરત SNI Trucoat Pvt Ltd દ્વારા આ ગેરકાયદેસર જોડાણ મેળવવામાં આવ્યું હોવાનું વિભાગના સ્થળ નિરીક્ષણ દરમિયાન બહાર આવ્યું હતું. સાવલી જૂથ પાણી પુરવઠા યોજના અને મિશનકુવા કામગીરી ક્ષેત્રની કચેરીના અધિકારીઓ તથા પોલ અમલદાર દ્વારા કરવામાં




આવેલી તપાસમાં કંપની દ્વારા મંજૂરી વિના પાણીનો ઉપયોગ થતો હોવાનું જણાયું હતું.

વિભાગ દ્વારા પાઠવવામાં આવેલી નોટિસમાં જણાવાયું છે કે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ હસ્તકની જૂથ પાણી પુરવઠા યોજનાની પાઈપલાઈનમાંથી મંજૂરી વગર જોડાણ મેળવી પાણીનો ઉપયોગ કરવો એ ગુજરાત પાણી પુરવઠા અધિનિયમ-1976ની કલમ 111 હેઠળ ગુનો બને છે. આ ઉપરાંત ગેરકાયદે જોડાણના કારણે સરકારી મિલકતને થયેલા નુકસાન પેટે રિકવરી સ્ટેટમેન્ટ મુજબ રૂ.46,103 સરકારમાં જમા કરાવવા તાકીદ કરવામાં આવી છે.

કંપનીને તાત્કાલિક ગેરકાયદે જોડાણ બંધ કરવા પણ સૂચના આપવામાં આવી છે. જો નિયત સમયમર્યાદામાં જોડાણ બંધ નહીં કરાય અને માંગેલી રકમ ભરપાઈ નહીં કરવામાં આવે તો જવાબદાર અધિકારીઓની મંજૂરીથી પોલીસ ફરિયાદ સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની ચેતવણી પણ આપવામાં આવી છે. આ ઘટનાને પગલે ઔદ્યોગિક એકમોમાં પાણીના ગેરકાયદે ઉપયોગ સામે તંત્રની કાર્યવાહી ચર્ચામાં આવી છે.

### ઉમરવા વિસ્તારમાં કેનાલોમાંથી પાણીનો વેડફાટ થતો હોવાનો ખેડૂતોનો આક્ષેપ

# જેતપુરપાવી તાલુકામાં સિંચાઈની માઈનોર કેનાલોના રિપેરિંગની ખેડૂતોની માંગ

(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.21

જેતપુરપાવી તાલુકાના ઉમરવા વિસ્તારમાં સિંચાઈની માઈનોર કેનાલોની જર્જરિત હાલતને કારણે ખેડૂતો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. છેલ્લા ઘણા સમયથી ખેડૂતો દ્વારા સિંચાઈ માટે પાણીની માંગ કરવામાં આવી રહી હતી. હાલ તંત્ર દ્વારા કેનાલોમાં પાણી છોડવામાં આવ્યું છે, પરંતુ કેનાલોની યોગ્ય જાળવણી અને સમારકામના અભાવે પાણીનો સદુપયોગ થવાને બદલે મોટા પ્રમાણમાં વેડફાઈ રહ્યો હોવાના આક્ષેપો ખેડૂતો દ્વારા કરવામાં આવ્યા છે.

ખેડૂતોના જણાવ્યા મુજબ, ઉમરવા વિસ્તારની સિંચાઈની



માઈનોર કેનાલોમાં અનેક સ્થળોએ તિરાડો પડી ગઈ છે અને કેટલીક જગ્યાએ કેનાલોને નુકસાન થયું છે. પરિણામે પાણીનું લીકેજ થવાથી ખેતરો સુધી પૂરતા પ્રમાણમાં પાણી પહોંચી શકતું નથી. એક તરફ ખેડૂતો સિંચાઈના પાણી માટે રાહ જોઈ રહ્યા છે, ત્યારે બીજી તરફ કેનાલોમાંથી પાણી વેડફાઈ રહ્યું હોવાથી ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહી છે.

ખેડૂતોનું કહેવું છે કે સરકાર દ્વારા સિંચાઈ માટે પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે, પરંતુ કેનાલોની જાળવણી અને સમારકામ પ્રત્યે યોગ્ય ધ્યાન આપવામાં આવતું નથી. જેના કારણે પાણી હોવા છતાં તેનો લાભ ખેડૂતોને પૂરતા પ્રમાણમાં મળી શકતો નથી.

આથી સિંચાઈ વિભાગ તાત્કાલિક ઉમરવા વિસ્તારની તમામ માઈનોર કેનાલોનું સ્થળ નિરીક્ષણ કરી જરૂરી રિપેરિંગ કામગીરી હાથ ધરે અને પાણીનો બગાડ અટકાવે તેવી ખેડૂતોની ઉગ્ર માંગ છે. હવે જોવાનું એ રહ્યું કે ખેડૂતોની રજૂઆત બાદ તંત્ર દ્વારા ક્યારે કામગીરી શરૂ કરવામાં આવે છે.

### પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે ઉત્તીર્ણ તાલીમાર્થીઓને મેડલ-પ્રમાણપત્ર એનાયત

# જબુગામ સરકારી આઈ.ટી.આઈ. ખાતે પાંચમો દીક્ષાંત સમારોહ યોજાયો

(પ્રતિનિધિ) બોડેલી, તા.21

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના જબુગામ ખાતે આવેલી સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઇટીઆઇ)માં શનિવાર, તા. 21 નવેમ્બર, 2026ના રોજ પાંચમા દીક્ષાંત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમ પૂર્ણ કરી વિવિધ ક્ષેત્રોમાં સફળતા મેળવનાર તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કરવાના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી શુભ શરૂઆત કરવામાં આવી હતી.

સમારોહમાં સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, જબુગામ શાખાના બ્રાન્ચ મેનેજર હિરેનભાઈ, ગ્રામ પંચાયતના સભ્ય તથા પૂર્વ સરપંચ



રાજેન્દ્રભાઈ શાહ (બાદશાહ), અમિતભાઈ રાઠવા અને બેંક પ્રતિનિધિ હર્ષદભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે વિવિધ વ્યવસાયલક્ષી ટ્રેડમાં તાલીમ પૂર્ણ કરી પરીક્ષામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે ઉત્તીર્ણ થયેલા તેજસ્વી તાલીમાર્થીઓને મેડલ અને પ્રમાણપત્રો એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. મહાનુભાવોએ તાલીમાર્થીઓને સંબોધતાં જણાવ્યું હતું કે આજના સ્પર્ધાત્મક યુગમાં વ્યવસાયલક્ષી કૌશલ્ય, મહેનત અને આત્મવિશ્વાસ સફળતાની ચાવી છે. તાલીમ દરમિયાન મેળવેલા કૌશલ્યનો ઉપયોગ કરી આત્મનિર્ભર બનવા પણ પ્રેરણા આપી હતી. સંસ્થાના ફોરમેન કે.જે. રાઠવાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને આચાર્ય વાય.એચ. ખાંટે સફળ તાલીમાર્થીઓને અભિનંદન પાઠવી ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

# છોટાઉદેપુરમાં જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ

**વિકાસનાં** કામો, માળખાકીય સુવિધાઓ અને જનપ્રશ્નો અંગે ચર્ચા

(પ્રતિનિધિ) શિનોર, તા. ૪

છોટાઉદેપુર જિલ્લા કલેક્ટર કચેરીના સંકલન હોલ ખાતે કલેક્ટર ગાર્ગી જૈનની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લાના વિવિધ જનપ્રશ્નો, વિકાસનાં કામો અને સરકારી વિભાગોની કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં ઉપસ્થિત જનપ્રતિનિધિઓએ પોતાના વિસ્તારોના લોકહિતના પ્રશ્નો રજૂ કર્યા હતા. ખાસ કરીને માળખાકીય સુવિધાઓ મજબૂત બનાવવા તેમજ નવી શાળાઓની મંજૂરી માટે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવા અંગે ચર્ચા થઈ હતી.

કલેક્ટર ગાર્ગી જૈને સંબંધિત વિભાગોના અધિકારીઓને જનપ્રતિનિધિઓ સાથે સંકલન સાધી લોકહિતનાં કામો ઝડપથી પૂર્ણ કરવા સૂચના આપી હતી. આ ઉપરાંત નાગરિક પુરવઠા, ગ્રાહક સુરક્ષા, માનવ મૃત્યુ સહાય, એનકોર્ડ, જિલ્લા પરીક્ષા સમિતિ, બાળમજૂરી નિયંત્રણ અને કાયદો-વ્યવસ્થાને લગતી બેઠકો પણ યોજાઈ હતી.

આ પ્રસંગે સાંસદ જશુભાઈ રાઠવા, ધારાસભ્ય રાજેન્દ્રભાઈ રાઠવા, જિલ્લા વિકાસ અધિકારી ઓમકાર શિંદે, જિલ્લા પોલીસ અધિક્ષક ઈમ્તિયાઝ શેખ સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### રામજી મંદિરેથી સતત 37મા વર્ષે વરઘોડો નીકળ્યો

# દેવઉઠી અગિયારસે પાદરામાં લાલજી ભગવાનના બે ભવ્ય વરઘોડા નીકળ્યા

(પ્રતિનિધિ) પાદરા, તા.21

સંસ્કારી નગરી પાદરામાં દેવઉઠી અગિયારસના પવિત્ર પર્વે વર્ષો જૂની પરંપરા મુજબ લાલજી ભગવાનના બે ભવ્ય વરઘોડા નીકળ્યા હતા. બંને વરઘોડામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાતાં સમગ્ર નગરમાં ભક્તિમય માહોલ સર્જાયો હતો. તુલસી વિવાહ બાદ લગ્નસરા સહિતનાં માંગલિક કાર્યોનો પ્રારંભ થશે.

પોલીસ ચોકી સામે આવેલા રામજી મંદિરેથી સતત 37મા વર્ષે પ્રથમ વરઘોડો નીકળ્યો હતો. પૂજા-અર્ચના અને મહાઆરતી બાદ લાલજી ભગવાનને ચાંદીની પાલખીમાં બિરાજમાન કરી ઘોડાગાડી, બગી, બેન્ડવાજા અને ડીજે સાથે નગરયાત્રા યોજાઈ હતી. આ વરઘોડો કોઠી ફળિયું, બળિયાદેવ



મંદિર, ઝંડા બજાર, ગાંધી ચોક અને નવાપુરા થઈ પરત રામજી મંદિર પહોંચ્યો હતો, જ્યાં તુલસી વિવાહ યોજાયો હતો.

બીજો વરઘોડો નરસિંહનગર સોસાયટી ખાતે હિતેશ ભાવસાર અને મનીષા ભાવસારના નિવાસસ્થાનેથી નીકળ્યો હતો. મહંત મોહનદાસજી મહારાજે પ્રસ્થાન કરાવ્યા બાદ વરઘોડો આંબેડકર ચોક, તેજસ શંકર પાર્ક અને શ્રીજી ચાર રસ્તા થઈ ગાયત્રી મંદિર પહોંચ્યો હતો. જ્યાં તુલસી વિવાહનું આયોજન કરાયું હતું. બંને ધાર્મિક આયોજનોમાં ભજન મંડળો, આગેવાનો અને મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. ભગવાનનાં દર્શન કરી શ્રદ્ધાળુઓએ ધન્યતા અનુભવી હતી. દેવઉઠી અગિયારસ સાથે હવે શુભ અને માંગલિક પ્રસંગોની શરૂઆત થશે.

# એનડીપીએસના ગુનામાં બે મહિનાથી નાસતા ફરતા આરોપીને પાદરા પોલીસે ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 21

વડોદરા ગ્રામ્ય પોલીસના ઓપરેશન પરાક્રમ અંતર્ગત પાદરા પોલીસે એનડીપીએસ એક્ટના ગુનામાં છેલ્લા બે મહિનાથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડ્યો છે. પાદરા પોલીસને મળેલી બાતમીના આધારે પાદરાથી રણુ ગામ તરફ જતા કેનાલ રોડ પરથી આરોપી મુસ્તાક ઉર્ફે મુસો રહીમભાઈ અલીભાઈ મલેક (રહે. આંતી ગામ, પાદરા)ને ઝડપી લેવામાં આવ્યો હતો.

પોલીસ ઇન્સ્પેક્ટર પી.વી. ગોહિલને આરોપી રણુ કેનાલ થઈ પોતાના ઘરે જવાનો હોવાની બાતમી મળતાં પીએસઆઈ આર.આર. મિશ્રા અને ડી-




સ્ટાફની ટીમે વોચ ગોઠવી હતી. આરોપી અગાઉ વડુ, વરણામા, આમોદ, કોસંબા અને પાદરા પોલીસ સ્ટેશનમાં પ્રાણી ક્રૂરતા અધિનિયમ હેઠળ નોંધાયેલા પાંચ ગુનાઓમાં પણ સંડોવાયેલો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. વધુ કાર્યવાહી હાથ ધરાઈ છે.

### શ્રીરામ મહાયજ્ઞ સાથે ધાર્મિક કાર્યક્રમોનો પ્રારંભ, ૨૩મીએ સંત સંમેલન

# વડુના મારુતિનંદન હનુમાનજી મંદિરે પાંચ દિવસીય રજતજયંતી મહોત્સવનો પ્રારંભ

(પ્રતિનિધિ) પાદરા, તા.21

પાદરા તાલુકાના વડુ ગામે આવેલા શ્રી મારુતિનંદન હનુમાનજી મંદિર ખાતે મહંત શ્રી જમનાદાસજી મહારાજના સાનિધ્યમાં મધ્ય ગુજરાત વિરક્ત મંડળના ૨૧મા વર્ષના મંગલ પ્રવેશ પ્રસંગે રજતજયંતી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તા. ૨૧થી ૨૫ નવેમ્બર દરમિયાન પાંચ દિવસીય શ્રીરામ મહાયજ્ઞ સહિતના ધાર્મિક કાર્યક્રમોનો શનિવારથી પ્રારંભ થયો હતો.

મહોત્સવના પ્રારંભે મંડપ પ્રવેશ સહિતની ધાર્મિક વિધિઓ યોજાઈ હતી. આચાર્ય અજયભાઈ



શાસ્ત્રીજી (ડાકોરવાળા) ના માર્ગદર્શન હેઠળ વિદ્વાન બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી મહાયજ્ઞની આહુતિઓ અપાઈ રહી છે. મહાયજ્ઞના મુખ્ય યજમાન તરીકે પૂર્વ ધારાસભ્ય પૂનમભાઈ પરમાર પરિવાર જોડાયો છે.

આ પ્રસંગે મહંત જમનાદાસજી મહારાજ, મહામંડલેશ્વર અરવિંદદાસજી મહારાજ સહિત સંતો-મહંતો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આગામી ૨૩ નવેમ્બરે વિશાળ સંત સંમેલન, ધર્મસભા અને દાતાઓના સન્માનનો કાર્યક્રમ યોજાશે.

# રાણીપુરામાં નહેરમાં ગાબડું પડતાં બસ સ્ટેન્ડ પાસેનો માર્ગ પાણીમાં ગરકાવ

**ખેતરોમાં** પાણી ફરી વળતાં પાકને નુકસાનની ભીતિ

(પ્રતિનિધિ) ભરૂચ, તા. 21

આમોદ તાલુકાના રાણીપુરા ગામે નહેરમાં કથિત ગેરકાયદે ગાબડું પાડવામાં આવતાં બસ સ્ટેન્ડ પાસેના મુખ્ય માર્ગ પર પાણી ફરી વળ્યું હતું. ચોમાસા સિવાયના સમયમાં રસ્તા પર પાણી ભરાતાં વાહનચાલકો, રાહદારીઓ, વૃદ્ધો અને બાળકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.

નહેરનું પાણી આસપાસનાં ખેતરોમાં પણ ફરી વળતાં તૈયાર પાકને નુકસાન થવાની ભીતિથી



ખેડૂતોમાં ચિંતા ફેલાઈ છે. આ અંગે ખેડૂત ઉમેશ પંડ્યાએ તંત્રને લેખિત અને મૌખિક રજૂઆત કરી ગાબડું તાત્કાલિક બંધ કરાવવા તથા જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. સાથે જ પાકના નુકસાનનો સર્વે કરી ખેડૂતોને વળતર આપવા પણ રજૂઆત કરાઈ છે. ઘટના અંગે તંત્રની નિષ્ક્રિયતા સામે ગ્રામજનોએ સવાલો ઉઠાવ્યા છે.

# ગુજરાતની ૧૮૨ બેઠકો પર ભાજપના સ્નેહમિલન સમારોહ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 21

ગુજરાત પ્રદેશ ભાજપાની અખબારી યાદી મુજબ, તા. ૨૨ નવેમ્બર, રવિવારે સાંજે ૪ વાગ્યે રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર એકસાથે 'નૂતનવર્ષ સ્નેહમિલન સમારોહ' યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રભારી તરુણ ચૂઘ, પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને સંગઠન મહામંત્રી રત્નાકરજી વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન કરી કાર્યકરો, આગેવાનો અને શુભેચ્છકોને નવા વર્ષની શુભકામનાઓ પાઠવશે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેરજીવનમાં સેવા, સમર્પણ અને સુશાસનનાં ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરને પણ યાદ કરી રાષ્ટ્રનિર્માણનો સંકલ્પ દોહરાવવામાં આવશે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચુકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૬ +(GST)
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત. ફોન : ૨૫૬૬૬૬૧ ફેક્સ : ૨૫૬૬૬૬૦

વ્યવસાયીક ધંધાકીય

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017 (3568)

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત (201)

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250 (3569)

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. દરેક ઈલેક્ટ્રોનિક્સ વસ્તુ ટેલીફોન, રીમોટ, મોબાઈલ, કારવાં, રેડિયો, ટેપ, DVD, હોમથીયેટર, એમ્પ્લીફાયર, પ્રોજેકટર, બાઈક ચાર્જર, ટ્રીમર, કાનના મશીન તાત્કાલિક રીપેરીંગ/ વેચાણ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184 (13148)

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196 (13316)

જુના સામાન લેવામા
આવશે. જુના AC ચાલુ કે બંધ હાલતમાં, જુના 2- વ્હીલર વાહનો, જુની ઘરઘંટી તેમજ તમામ પ્રકારનો જુનો સામાન તમારો જુનો સામાન વેચવા માટે આજે સંપર્ક કરો. MO. 9316100413 (13338)

મધપૂડો કાઢવા
ઘરમાં/બિલ્ડિંગમાં મધમાખીનો મધપૂડો કાઢવા અને તેમાંથી 100% શુદ્ધ મધ મેળવવા સંપર્ક કરો: ૯૬૦૧૭૩૨૪૪૫, ૯૬૬૪૯૧૬૬૪૮

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

આશાપુરી 23/ 11,
30/ 11. જગ્નાથપૂરી, ગંગાસાગર, કામાખ્યાદેવી, બૈજનાથ 24/ 12. અષ્ટવિનાયક, પાંચ જ્યોર્તિલિંગ. 24/ 12. 9426741783. (13341)

મિલ્કત ભાડેથી

વેસુમા
જલારામ મંદિર પાસે 3 BHK ફર્નિશ્ડ ફ્લેટ ભાડેથી આપવાનો છે. 9374535403 (415)

મિલ્કત વેચવાની છે

વીલા વેચવાનુ છે
ફુલ્લી ગાર્ડન સાથે Lotus Pond, સાતેમ ગામ, ખડસુપા બોર્ડિંગ ને. હા. 8, નવસારી. Mo. 9327607547 (13149)

સારંગપુર, વીરપુર
સોમનાથ, દીવ દ્વારકા 3- દિવસ. સફેદ રણ કાળો ડુંગર, ભુજ, માંડવી, અંજાર, માતાનો મઢ. 3- દિવસ. ઉજ્જૈન, ઓમકારેશ્વર 2- દિવસ. 27 નવેમ્બર. 11- ડિસેમ્બર. મહાબળેશ્વર, પંચગીની, લોનાવાલા, ખંડાલા 3 દિવસ 17 ડિસેમ્બર 5000/- જ્યેશ ભટ્ટ. અડાજણ. 9909888622 (13336)

ફ્લેટ વેચવાનો છે
2 BHK ફ્લેટ B- 2, 704 આસ્થા એપાર્ટમેન્ટ સુડા આવાસ ની સામે વેસુ, સુરત. જેનુ ક્ષેત્રફળ ૧૧૭૦ ચો. ફુટ યાને ૧૦૮.૭૪ ચો. મીટર છે. સંપર્ક: 9825666544 (13094)

કોમર્શિયલ ઓફિસ
વેચવાની છે પીરામિડ આઈકન, ઉગટ રોડ, પાલનપુર જકાતનાકા, સુરત ખાતે રેડી- ટુ- મૂવ ઓફિસો વેચવાની છે. ઓફિસ વેચવાની છે. ઓફિસ નં. 402: 1770 ચો. ફૂટ ઓફિસ નં 403: 2436 ચો.ફૂટ સુવિધાઓ: ડેડિકેટેડ પાર્કિંગ, એલિવેટર, UPS બેકઅપ, AC અને પ્રાઈવેટ વોશરૂમ. પ્રાઈમ લોકેશન, મેટ્રો લાઈન નજીક. સંપર્ક: 9726009242 (11502)

G.I.D.C. હાલોલમાં પ્લોટ વેચવાનો છે
1500 ચોરસમીટર JCB કંપનીની સામે, હાલોલ.
MO. NO. 99793 77444

Free Hold Plot/
બંગલો વેચવાનો પાર્લે સિટિલાઈટ ઘોડદોડ વેસુ ભટાર ડુમસ પિપલોદ 9227904488 (414)

2 BHK ફ્લેટ
વેચવાનો છે જય અંબે રોડ અડાજણમાં હવા ઉજાસવાળો ફર્નિચર સાથે, ફોન નંબર. ૯૮૯૮૭૫૭૮૪૬ (13337)

વેસુમાં વ્યાજબી ભાવે
3 BHK ફ્લેટ વેચવાનો છે. સંપર્ક: 9925498597 (13340)

વેચવાની છે
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ: કાળા વ્યારા કણજા. 9687580001 (13359)

2.15 વિઘા
ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામ: ટેના રાંગ (સુરત) 9687580001 (13360)

સ્વાતી સોસાયટી
(ચીકુવાડી) વરાછા પ્લોટ વેચવાનો છે. 270/300 વાર Mo. 9687580001 (13361)

NA Plan Pass
12 વિંઘા જમીન વેચવાની છે ગામ: પંડવાઈ (કોસંબા) 9687580001 (13362)

ખેતી લાયક
42 એકર જમીન વેચવાની છે. નેત્રંગ (ભરૂચ) Mo. 9687580001 (13363)

પ્લોટ જોઈએ છે
ઘોડદોડ રોડ અને પીપલોદ વિસ્તારમાં 150 વાર સુધીમાં જગ્યા અથવા જુનો બંગલો પણ ચાલશે.
દલાલ આવકાર્ય
98250 90141

મિલ્કત ભાડે -વેચાણ

વેચવાની છે/ ભાડે
આપવાની છે સુરતના અડાજણમાં પ્રાઈમ લોકેશન, એલ.પી. સવાણી રોડ પર, સ્ટારબજારની પાછળ ક્રોમાની ઉપર ''પ્રોટોન પ્લસ'' બિલ્ડીંગમાં ઓફિસ વેચવાની છે/ ભાડે આપવાની છે. (૧૦૦૦ સ્કેફુટ- સુપર બિલ્ટઅપ) સંપર્ક: કવન દેસાઈ મો. ૭૮૭૪૯૬૦૬૧૩ (13317)

નાની ઓફિસ ભાડેથી
વેચાણથી આપવાની ઓનલાઈન/ કોસ્મેટિક સપ્લાય/ મોડલિંગ અન્ય ટ્રેડ હાઉસ, રિંગરોડ 9228207838 (13339)

નોકરી વિષયક

કોમ્પ્યુટર પ્રોસેસ &
માર્કેટિંગ સેલ્સ માટે અનુભવી છોકરાઓ જોઈએ 15,000 થી 25,000 85116-12226 ઉધના. (13038)

ઉધના ઉદ્યોગનગર
વિસ્તારમાં પ્લાસ્ટિક ફેક્ટરી માટે હેલ્પર, વર્ટિકલ મોલ્ડિંગ મશીન ઓપરેટ, ઈન્જેક્શન મોલ્ડિંગ મશીન ઓપરેટરની જરૂર છે મો: 9898711555 (13146)

એકાઉન્ટન્ટ જોઈએ
છે સુરતથી પલસાણા માટે અનુભવી/ બિનઅનુભવી કોન્ટેક્ટ નંબર: ૯૫૫૮૬૮૩૭૭૭ મળવાનો સમય 12.00 am to 3.00 pm (13342)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.